સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ચૂંટણી પ્હેલાં, રમાઈ જાય રમત, બંધ કમાડે !
ને સ્પર્ધકોને પરાણે પણ, ઉમેદવાર ગમાડે !
પમાડે આશ્ચર્ય, એક વેપારી, રમાડશે ક્રિકેટ -
મેદાન ના મોસાળે, મા પીરસે, આગ્રહથી જમાડે !!
(શ્રી જયભાઈ અમિત શાહ બિન હરિફ)

હાઈકુ

કોઈ તો બોલે !!
વનરાજ, તમારું -
મોઢું ગંધાય...

મેદાને નહીં
'ખેલાડી' પાખંડથી -
થાય સફળ...

ચિંતન

અન્યત્ શ્રેયોડન્યદતવૈ પ્રેય: તે ઉભે નાનાર્થે પુરુષં સિનીત: ।
તયો:શ્રેય આદદાનસ્ય સાધું ભવતિ હીયતેડર્યાદ્ ચઉ પ્રેયો વૃણીતે ॥

ઉપરોક્ત શ્લોક કઠોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

શ્રેય અને પ્રેય બંને જુદા છે. આ બંનેના સ્વરુપ અને પરિણામો પણ જુદા છે. બંને માણસને પોતાની તરફ આકર્ષે છે તો પણ શ્રેયનું અનુસરણ કલ્યાણકારક હોય છે, પ્રેમનું નહીં.

માણસના જીવનમાં ડગલેને પગલે આ પરિસ્થિતિ આવે છે. કેટલીક વાત ગમતી તો હોય છે પમ આવી ગમતી વાત હંમેશા કલ્યાણકારક હોય તેવું હોતું નથી. બીજી તરફ કેટલીક વાત એવી હોય છે કે દેખીતી રીતે તત્પૂરતી અણગમતી લાગતી હોય છે. પણ લાંબા ગાળે એનું અનુસરણ કલ્યાણપ્રદ હોય છે.

માણસ વહેવારમાં આ બંને પરિસ્થિતિને સમજી તો જતો હોય છે. પણ તત્કાળ પ્રિય લાગતી પણ લાંબા ગાળે કલ્યાણમય નથી એ જાણવા છતાં એનો ત્યાગ કરી શકતો નથી. આથી વિપરીત તત્પૂરતી અપ્રિય લાગતી પણ લાંબા ગાળે કલ્યાણમય હોવા છતાં માણસ એનું અનુસરણ કરતો નથી. આના ફળસ્વરુપે કલ્યાણ અને અકલ્યાણ આ બંને વચ્ચે એને દ્વિધા થાય છે.

સુવિચાર

- જિન્હેં ફિકર થી કલ કી, વે રોયે રાત ભર...
  જિન્હેં યકિન થા રબ પર, વે સોયે રાત ભર - **ફાતિમા શેખ**
- સંબંધ એવાં વસ્ત્રો જેવો હોવો જોઈએ, જે એટલો બધો ચુસ્ત ન હોય કે જેને કારણે અકળામણ થાય, એ એટલો મોકળો હોવો જોઈએ, જેમાં કસરત સહજતાથી થઈ શકે - **ઈશિતા**
- જે સહન કરે છે એ જ પ્રેમનું વહન કરે છે, પ્રેમના મર્મને એ જ ગહન કરે છે - **ડો. રામનાથ**
- વ્યક્તિનું ખરું મૂલ્યાંકન એ કઈ કઈ વાત પર રોષે ભરાય છે
  એના પરથી જ થાય છે! - **રમણલાલ પાઠક**
- તમારી મહેનત જ તમારી ઓળખાણ છે બાકી અહીં એક નામનાં તો લાખો લોકો છે - **સંજય રાવલ**
- મંઝિલ મેળવવા ભટકવું પડે છે સાહેબ, જિંદગીના રસ્તાઓમાં જીપીએસ નથી હોતા - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : સીતાફળના પલ્પ, તડકામાં સૂકવી, ચૂર્ણને પાણી સાથે લેવાથી ઝાડા બંધ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બાદશાહને કાયમ સાથે રહે એવા વિશ્વાસુ નોકરની જરૂર પડી. ઘણા બધાને ચકાસ્યા પણ બાદશાહને સંતોષ ન થયો. છેવટે ત્રણ સૈનિકોમાંથી એકને વિશ્વાસુ અંગત નોકર રાખવા પરીક્ષા લેવાનું નક્કી કર્યું. ત્રણેને બાદશાહે સામે ઊભા રાખી કહ્યું, 'ધારો કે સંજોગાવશાત મારી દાઢી અને તમારી દાઢીમાં એક સાથે આગ લાગે તો તમે શું કરો ?' પહેલાએ જવાબ આપતા કહ્યું, 'નામદાર, હું મારી દાઢીની આગની ચિંતા ન કરું અને આપની દાઢીની આગ બુઝાવી નાખું.' બીજો બોલ્યો, 'હું પહેલા મારી દાઢીની આગબુઝાવું અને પછી તમારી દાઢીની ફીકર કરું.' ત્રીજો બોલ્યો, 'હું એક હાથથી આપની દાઢીની આગ બુઝાવીશ અને બીજા હાથથી મારી દાઢીની આગ ઠારીશ.' બાદશાહે ત્રણેયના જવાબ સાંભળીને કહ્યું, તો જુઠ્ઠો હોય કાં અજ્ઞાની, સાથે તેને જવા દો, બીજો વ્યક્તિ સ્વાર્થી છે, તે બીજાનું ભલું નહીં કરે અને પોતાનું જ વિચારે તે માણસ મારા માટે ખતરનાક બની શકે છે. આથી એને પણ રવાના કરો. ત્રીજો સૈનિક અવ્યવહારિક પણ નથી અને સ્વાર્થી પણ નથી. તે વ્યવહારના ધરાતલ પર જીવે છે. આથી ત્રીજા સૈનિકને અંગત વિશ્વાસુ નોકર તરીકે મારી સાથે રાખો.'

કોંગ્રેસ બેઠી થવા મથી રહી છે

તંત્રીસ્થાનેથી...

મરણતોલ ફટકો પડ્યા પછી મૂર્છામાંથી બહાર આવવા ઝઝૂમતા યોદ્ધાની જેમ કોંગ્રેસના ધુરંધરો મહારાષ્ટ્ર અને હરિયાણાની વિધાનસભાની ચૂંટણી ટાણે પોતાની હયાતી દર્શાવવા પ્રયાસ કરી રહ્યા છે. હવે કોંગ્રેસનો પ્રચાર કરવા કોઈ બોલીવૂડ એક્ટ્રેસ નવરી નથી. ઉર્મિલા માતોંડકરે લોકસભામાં પરિણામો જોતાંની સાથે પૂંઠ વાળી દીધી હતી. મુસ્લિમ સેલિબ્રિટીઝને મેદાનમાં ઉતારી કોંગ્રેસ વધુ માર ખાવાના મૂડમાં ન જ હોય તે સમજી શકાય એવું છે. જાવેદ અખ્તર જેવા ખાં સાહેબ મૌન બેઠા છે. એમની પાસે ભાષણો લખાવીને સોનિયા ગાંધી ધરાઈ ગયાં છે, કયારેક મોદીયુગના પ્રારંભકાળમાં જ જાવેદ અખ્તરે એમને 'ખૂન કે સૌદાગર' જેવા શબ્દોથી નવાજીને આગેકૂચ કરવા માટે લાલ જાજમ પાથરી આપી હતી એ સોનિયા ગાંધી ભૂલ્યાં નહીં જ હોય. આખરે સ્ટાર પ્રચારકો તરીકે મનમોહનસિંહ, રાહુલ ગાંધી અને દિગ્વિજયસિંહ જેવાં છાપેલાં અને કટાઈ ગયેલાં કાટલાં જ વાપરવાં પડે તે કોંગ્રેસની ઐતિહાસિક મજબૂરી છે. હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરથી લઈ ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણી સુધીની બીજી હરોળના ભાજપી નેતાઓ મનમાં જે આવે તે બોલી નાખી પ્રજા સમક્ષ વર્ષો જૂની કોંગ્રેસની ઠેકડી ઉડાડી રહ્યા છે. રૂપાણી કોંગ્રેસી આગેવાનીને 'કોંગ્રેસિયા' કહી વખોડે છે તો ખટ્ટર તો પાર્ટીનાં રાષ્ટ્રીય અધ્યક્ષાને 'ચુહિયા' - ઉંદરડી કહી ઉતારી પાડે છે. સમય તે આનું નામ. આજકાલ કોંગ્રેસની સાડાસાતી ચાલી રહી છે અને ૧૮૮૫માં સ્થપાયેલ જાજરમાન રાજકીય પાર્ટી જાણે વેન્ટિલેટર ઉપર છેલ્લા શ્વાસ લઈ રહી હોય એવો માહોલ સરજાયો છે. સોનિયા ગાંધીએ જે ઐતિહાસિક ભૂલ કરી એનો બદલો એ ચૂકવી રહ્યાં છે. એક વિદેશી મૂળનાં મહિલાએ આ રૂઢિચુસ્ત પ્રજાનું નેતૃત્વ સ્વીકારીને ઈતિહાસ તો રચી દીધો પરંતુ એનાં લાંબા ગાળાના પરિણામ સગી આંખે જોઈ રહ્યાં છે. કોંગ્રેસ રાજીવ ગાંધીને બદલે તે જ વખતે, ઈંદિરા ગાંધીના અનુગામી નેતા તરીકે પ્રણવ મુખર્જી, નરસિંહ રાવ, એન.ડી. તિવારી કે શરદ પવાર જેવા પ્રાદેશિક નેતા પર પસંદગી ઉતારી હોય તો આજે એની આ વલે ન થઈ હોત. રાહુલ ગાંધી ઈમાનદાર માનવી ખરા, પણ રાજકારણમાં નભી શકે તેવા નથી. નાછૂટકે એમને પ્રચાર સભાઓમાં ઊતરવાની ફરજ પડી છે. દેશને વેચવા નીકળેલા વડાપ્રધાન કહી તેઓ મોદીની અર્થનીતિ પર પ્રહારો કરી રહ્યા છે. વિદેશી કંપનીઓ અને દેશી ઉદ્યોગપતિઓને ભારતના કથળી ગયેલા અર્થતંત્ર સામે વાંધો નથી. કોંગ્રેસ એવો અઘરો મુદ્દો અભણ મતદારો અને રાષ્ટ્રપ્રેમી લોકોને ગળે ઉતારવા અલ્પભાષી, રજૂઆતમાં સાવ જ નબળા અર્થશાસ્ત્રી પૂર્વ વડાપ્રધાન પાસે મુંબઈમાં પ્રેસ કોન્ફરંસ કરાવીને મન વાળી લે છે. મોદી પાસે દરેક ટીકાનો જવાબ છે ઉ૭૦. શરદ પવારે આ મુદ્દો જાહેરમાં ચર્ચા એવી અપેક્ષા રાખી છે. હજી જેમને જમીની સ્તરે કોંગ્રેસનું વજૂદ અકબંધ હોવાની હૈયાધારણ છે. પરિણામ જે આવે તે - કોંગ્રેસે શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસને કોંગ્રેસમાં વિલીન કરાવી પવારને રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી સોંપવી જોઈએ. જો કે પુત્રપ્રેમમાં ધૃતરાષ્ટ્રની બરાબરી કરી શકે એવાં સોનિયા ગાંધી એમને સ્વીકારી શકે કે કેમ તે પ્રશ્ન છે. શરદ પવારે નવા પક્ષની સ્થાપના એમના ઈટાલિયન મૂળનો વાંધો લઈને જ કરેલી, તે કોણ નથી જાણતું?

આત્મા કભી નહીં મરતી, શરીર મરતા હૈં...મૈં લોગો કો નહીં માર રહા હૂં બસ ઉનકી આત્મા કો દૂસરે શરીર મેં ભેજ રહા હૂં

આત્મા કભી નહીં મરતી, શરીર મરતા હૈં...મૈં લોગો કો નહીં માર રહા હૂં બસ ઉનકી આત્મા કો દૂસરે શરીર મેં ભેજ રહા હૂં

- ઈન્ડિયાઝ મોસ્ટ વોન્ટેડ

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

૨૦૧૯માં જ મે મહિનામાં રીલિઝ થયેલી આ ફિલ્મ કુખ્યાત ''ઈન્ડિયન મુજાહુદ્દીન'' નાં આતંકવાદી યાસિન ભટકલ ને નેપાળથી પકડી લેવાનાં દિલધડક ઓપરેશનની સત્ય-કથા પર આધારિત છે.

રાજ કુમાર ગુપ્તા દિગ્દર્શિત અને અર્જુન કપૂર અભિનીત આ ફિલ્મનાં સંવાદ પણ રાજકુમાર ગુપ્તા એ જ લખ્યાં હતા. ફિલ્મને ખૂબ વાસ્તવિક ઢબે બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ નબળા એડિટીંગ અને ઠીક-ઠીક એક્ટિંગનાં શંભૂમેળાના કારણે આ ફિલ્મ જેટલી ગાજી એટલી વરસી નહીં.

વાસ્તવમાં ફિલ્મનો આ સંવાદ એ કોઈ નવી સર્જકતા છે જ નહીં તે આપણે જાણીએ છીએ. બસ દુઃખ એ વાતનુ છે કે, મહદ અંશે આ મહાન સત્ય બોલિવૂડ ફિલ્મોમાં વિલનના મુખે જ બોલાવવામાં આવ્યો છે. આ ફિલ્મમાં પણ યાસીન ભટકલ આ સંવાદ બોલે છે. જો કે કદાચ થોડી ચણ-ભણ શરુ થઈ એટલે સેન્સર બોર્ડે આ સંવાદને હટવ્યો હોવાનુ સાંભળાવામાં આવ્યુ હતું..એ વાત અલગ છે કે આજ દિન સુધી યુ-ટ્યૂબ પર આ સંવાદ આ ફિલ્મનાં ટીઝરમાં સાંભળવામાં આવે છે. આવા જ પ્રકારનો કહોને કે આ જ સંવાદ 'અક્સ' ફિલ્મમાં મનોજ બાજપાઈ પણ બોલે છે. જે પણ વિલનનાં જ પાત્રમાં હતો.

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥
વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહણાતિ નરોડપરાણિ ।
તથા શરીરાણિ વિહાય જીર્ણા - ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥

આત્માને કોઈ શસ્ત્ર છેદી નથી શકતુ,કે કોઈ અગ્નિ બાળી નથી શકતો,કોઈ પાણી ડૂબાડી નથી શકતુ,કે કોઈ વાયુ સૂકવી નથી શકતો.જેમ મનુષ્ય જૂના વસ્ત્રોને ત્યાગીને નવા વસ્ત્ર ધારણ કરે છે. તેમ જ આત્મા જૂના શરીરને ત્યાગીને નવા શરીરને પ્રાપ્ત કરે છે.

ગીતાનો આ શ્લોક જ્યારે કોઈ બેસણાની જાહેરાતની નીચે કે મરણોત્તર વિધિ વખતે માત્ર ઔપચારિક પણે નહીં પરંતુ ખરા અર્થમાં જીવનનાં દરેક તબક્કે પ્રતિપળ દરેક મનુષ્ય કોઈ સંજિવની મંત્રની જેમ યાદ રાખતો થઈ જશે,ત્યારે શ્રી કૃષ્ણ અને વ્યાસજીનો પરિશ્રમ અને આ સંદેશ સાર્થક થયો કહેવાશે.

નિર્વિવાદપણે ગીતા સંપૂર્ણ સંસારનો સર્વસ્વીકૃત ગ્રંથ છે, તે વાતમાં કોઈ મીનમેખ નથી.

યુદ્ધનાં મેદાનમાં તત્વજ્ઞાનની આવી ગંભીર વાત કરવાનુ સામર્થ્ય તો શ્રી કૃષ્ણમાં જ હોય, અને વ્યાસજી ને પણ લાગ્યુ હશે કે જે મનુષ્ય આગ લાગે ત્યારે કૂવો ખોદવા જતો હોય,તેવા સાંસારિક વ્યક્તિઓ માટે યુદ્ધ એટલે કે કટોકટીની પળોમાં જ ઉપદેશ ગ્રહણ કરવાની બુદ્ધિ સતેજ થતી હોય છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

ડેન્ગ્યુ અંગેની વિગતો જાણીએ અને સમજીએ...

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

દર્દીઓ શું કરે ?? આજકાલ બધાને ખબર છે. લોકો બિચારા દુઃખી અને ભયભીત છે. જયાં જોઈએ ત્યાં તાવના દર્દીઓ ઉભરાય છે. જેને પૂછો તે કહે છે, શરીરમાં અશક્તિ છે, માથું દુઃખે છે, શરીર પર ચકામા થઈ ગયા છે, ઉલ્ટી થાય છે, ગભરામણ થાય છે. ડૉકટરો પોતાની રીતે દર્દીઓને સાજા કરવા માટે પ્રયત્ન કરે છે. રોજ રોજ નવા નવા દર્દીઓ ઊભા થતા જ જાય છે. એવું નથી કે લોકો પોતાની રીતે સજાગ નથી. ઘરમાં ચોખ્ખાઈ રાખે છે, કોઈ જગ્યા પર પાણી ન ભરાય એની તકેદારી રાખે છે. ઘરમાં રહેલ ફ્રીઝ, કુલર, એ.સી., પાણીની ટાંકી બધુ જ સરસ રીતે સાફ કરે છે. પોતાની જાતને ચોખ્ખી રાખવા પ્રયત્ન કરે છે.

ટૂંકમાં મેલેરીયા અને ડેન્ગ્યુ ન થાય એની તકેદારી લોકો સ્વયંભૂ કરતાં જ હોય છે. છતાં પણ લોકોને મેલેરીયા અને ડેન્ગ્યુ થાય છે જ. તે કારણ શું છે ??

એક વાત તો નક્કી જ છે કે મચ્છરથી જ ડેન્ગ્યુ અથવા તો મેલેરીયા થાય છે, તો મચ્છર કયાંથી કરડ્યો હશે એવો પ્રશ્ન થાય. ખાસ કરીને જયાં ભેજવાળું વાતાવરણ હોય ત્યાં મચ્છરનો ઉપદ્રવ વધારે થાય.

હવે ભેજવાળું વાતાવરણ કયાં કયાં હોઈ શકે? નવાં મકાનના કામ ચાલુ હોય અને ત્યાં રોજ પાણી છંટાતું હોય અને ભરાયું હોય ત્યાં મચ્છર થવાના અને ત્યાંથી આજુબાજુના વિસ્તારમાં ડેન્ગ્યુ અથવા તો મેલેરીયા વધારે પ્રમાણમાં ફેલાવાના. રોડની આજુબાજુ અથવા ગીચ ઝાડીમાં મચ્છરનો ઉપદ્રવ ભેજના લીધે વધારે થવાનો. ત્યાંથી પણ ડેન્ગ્યુ અને મેલેરીયા થઈ શકે. હવે એક જ પ્રશ્ન થાય છે કે ડેન્ગ્યુના તાવમાં શું થાય ? અને શું જીવલેણ છે ? જવાબ બંને રીતે લખી શકાય. જીવલેણ પણ છે છતાં કશી ચિંતા કરવાની જરૂર નથી. જો તમારી રોગપ્રતિકારક શક્તિ વધારે હશે તો ડેન્ગ્યુ થશે તો પણ કંઈ ખાસ અસર નહીં થાય. જો રોગપ્રતિકારક શક્તિ ઓછી હશે અને વાઈરસનો ચેપ વધારે હશે તો પ્લેટલેટ કાઉન્ટ વધારે પ્રમાણમાં ઓછા થશે. ડેન્ગ્યુમાં પ્લેટલેટ તો ઓછી થવાની જ પણ સામાન્ય રીતે પ્લેટલેટનો નોર્મલ કાઉન્ટ ૧, ૫૦,૦૦૦ થી ૪,૫૦,૦૦૦ હોય છે જો ૧, ૫૦, ૦૦૦થી ઓછી પ્લેટલેટ હોય તો પ્લેટલેટ ઓછી એવું કહી શકાય.

તો પ્રશ્ન એ થાય કે કયાં સુધી ઓછી થાય તો ચિંતા કરવી કે ના કરવી. સામાન્ય રીતે ૫૦,૦૦૦ ની નીચે પ્લેટલેટ આવે તો જ ચિંતા કરવાની જરૂર હોય છે અને એમાં પણ તમારી રોગપ્રતિકારક શક્તિ સારી હોય તો કોઈ ચિંતા કરવાની જરૂર નથી. ધારો કે તમારી પ્લેટલેટ ૨૦,૦૦૦ થી ઓછી છે... ૧૫,૦૦૦, ૧૦,૦૦૦ કે ૨૦૦૦ છે. પણ જો શરીર પર કોઈ પણ પ્રકારના ચાઠા નથી પડેલા. પેશાપ કે ઝાડામાં લોહી નથી આવતું. દર્દીને કોઈ તકલીફ નથી તો ચિંતા કરવાની કોઈ જરૂર નથી. ચાર દિવસ પછી પ્લેટલેટ ધીમે ધીમે વધવા માંડશે. જો પણ ધારો કે શરીર પર ચાઠા પડે, ઝાડામાં લોહી પડે, અને જો પ્લેટલેટ ૫૦,૦૦૦ કે ૧,૦૦,૦૦૦ હોય તો ચિંતા કરવાની ખાસ જરૂર છે.

કચ્છી ખમીરના પ્રતિનિધિ સર્જક : ડૉ. જયંત ખત્રી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

ડૉ. જયંત ખત્રીની કથા 'ધાડ' ઉપરથી ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું તે સર્વવિદિત છે. 'ધાડ' ની કથા જેવી રસપ્રદ છે તેવીજ રસપ્રદ તથા અનેક અણધાર્યા વળાંક સાથેની કથા 'ધાડ' ફિલ્મના નિર્માણ સબંધી છે. અનેક પ્રકારની નાની કે મોટી સમસ્યાઓ વચ્ચે 'ધાડ' ફિલ્મનું નિર્માણ થયું તે વાત કીર્તિભાઈ ખત્રી પાસેથી એક નાના છતાં ગૌરવશાળી સમારંભમાં જાણવા મળી. 'ધાડ' ફિલ્મ સાથે ભિન્ન ભિન્ન સ્વરૂપે જોડાયેલા કસબીઓનું સન્માન કરવા માટે આ સમારંભનું આયોજન ભૂજ ખાતે થોડા સમય પહેલા કરવામાં આવ્યું હતું. કોઈપણ ફિલ્મના નિર્માણમાં અનેક પ્રશ્નો સંકળાયેલા હોય તે તો સમજી શકાય તેવી વાત છે. પરંતુ ડૉ. જયંત ખત્રી વાર્તાના આધારે જેનું ફિલ્માંકન થયું તે 'ધાડ' ફિલ્મના નિર્માણની પ્રક્રિયામાં કચ્છના અનેક નાના-મોટા કલાકારો ઉમંગ તથા ઉત્સાહથી જોડાયેલા રહ્યા તે બાબત સામાન્ય રીતે ફિલ્મ નિર્માણના કામમાં જોવા મળતી નથી. એક રીતે જોઈએ તો આ ફિલ્મ ખરા અર્થમાં લોકભાગીદારી થકી બની શકી છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. ડૉ. જયંત ખત્રી એક બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. 'ધાડ' ફિલ્મ નિર્માણના આ સમારંભ નીમિત્તે ડૉ. જયંત ખત્રી વિશેના કેટલાક લેખોમાંથી પસાર થવાનું થયું. એ નીમિત્તે આ મોટા ગજાના સર્જક તથા ઉમદા માનવના જીવન — કવન વિશે થોડો વિશેષ પરિચય થયો. સપ્ટેમ્બર માસની ૨૪મી તારીખે ૧૯૦૯ માં ડૉ. જયંત ખત્રીનો જન્મ થયો. આથી સપ્ટેમ્બર માસમાં તેમની જન્મજયંતિ નિમીત્તે અનેક સાહિત્ય પ્રેમીઓના મનમાં ડૉ. જયંત ખત્રીની સ્મૃતિ તાજી થતી હશે. એક કુશળ તબીબ તથા પ્રતિભાસંપન્ન સાહિત્ય સર્જક હોવા ઉપરાંત અનેક રીતે તેઓ જાહેર જીવન સાથે જોડાયેલા હતા. માંડવી (કચ્છ) નગરપાલિકાના ચૂંટાયેલા સભ્ય તરીકે તેઓ માંડવી નગરપાલિકાના ઉપપ્રમુખ તરીકે પણ ૧૯૫૪ થી ૧૯૬૦ સુધી રહ્યા હતા. મુંબઈ તેમજ માંડવીમાં તેમણે તબીબી પ્રેકટીસ કરી હતી. ડૉકટર તથા દર્દી વચ્ચે એક વણલખ્યા વિશ્વાસનો સબંધ રહેતો હોય છે. એક તબીબ તરીકે ડૉ. ખત્રી વિશેષ સંવેદનશીલ રહ્યા હશે તેમ તેમના કેટલાક ઉદ્ગારોને જોતાં લાગે છે. તબીબતથા દર્દીના આવા સબંધ અંગે જયંતભાઈ લખે છે :

'' વ્યક્તિ જ્યારે નાના કે મોટા દર્દથી રોગગ્રસ્ત બને છે ત્યારે તેની ધીરજ તથા સહનશક્તિ કસોટીએ ચડે છે... આ સમયે તેની સારવાર કરતા તબીબ જે તે દર્દીના કુટુંબીજનોથી પણ વિશેષ નજીક પહોંચે છે. આ સમયે ડૉકટર અને દરદી વચ્ચેના ધંધાદારી સબંધો નાશ પામે છે... અને માનવ સબંધો બંધાય છે જે ચિરંજીવી રહે છે. '' તબીબનો સબંધ દરદીના ધર્મ સાથે નહિ પરંતુ દર્દીની પીડા સાથે બંધાતો હોય છે. તબીબ જ્યારે પોતાના દર્દીને કોઈપણ ઉપાયે સ્વસ્થ કરી શકે તેમ ન હોય ત્યારે તબીબના મનમાં એક ઊંડી વ્યથા જન્મ લેતી હોય છે. ઋષિકેશ મુખરજીની 'આનંદ' ફિલ્મના તબીબની આવી મુંગી અસહાયતાનું ઉત્તમ ચિત્રણ કરવામાં આવ્યું છે જે ભૂલી શકાય તેવું નથી. ડૉ. જયંત ખત્રીના જીવનને જોતાં તેમનામાં વ્યક્તિત્વમાં આવા સંવેદનશીલ તબીબ તથા સર્જકનું આબેહૂબ દર્શન થાય છે. આથીજ ખત્રી સાહેબ એવી દ્રઢ માન્યતા ધરાવતા હતા કે માનવતાને કેન્દ્રમાં રાખીને જીવન પસાર કરનાર ઉત્તમ સર્જક બની શકે છે. કારણ કે અનેક લોકો જે જીવન ટકાવી રાખવા માટે આકરા સંઘર્ષ કરતા હોય છે તેમને નજીકથી જોવાનો તેમજ નાણવાનો લાભ તબીબ સર્જકને મળી શકે છે. આથી આવા સર્જકની કલમમાંથી અનુભૂતિનું અમૃત ટપકે છે જે જગત માટે કદાચ ઉત્તમ સાહિત્ય કૃતિ પણ બની શકે. આવા એક કસાયેલા સર્જક તેમજ તબીબ જ્યારે જીવલેણ બીમારીમાં સપડાય ત્યારે પણ પોતાની આંતરિક શક્તિના કારણે સહેજ પણ સ્વસ્થતા ગુમાવતા નથી તેનું સ્પષ્ટ દર્શન ડૉ. જયંત ખત્રીના જીવનમાં જોવા મળે છે. ડૉ. જયંત ખત્રી ઉપરના નીપા ઠક્કર તેમજ માણેકલાલ પટેલ સંપાદિત પુસ્તકમાં ડૉ. ખત્રીના અંતિમ માંદગીના દિવસોમાં પણ તેમની સમતા તથા સ્વસ્થતા વિશેની જે વાતો લખવામાં આવી છે તે ખત્રી સાહેબના વટવૃક્ષ સમાન વ્યક્તિત્વના અનેક ઉજળા પાસાનો પરિચય કરાવી જાય છે. આપણી ભાષાના સમર્થ સર્જક તેમજ વિચારક હરીન્દ્ર દવેએ મોતના બીછાને પડેલા ડૉ. ખત્રીની આવી અસાધારણ સ્વસ્થતાની વાત અર્થપૂર્ણ શબ્દોમાં વ્યક્ત કરી છે. હરીન્દ્ર દવે અસાધ્ય બીમારી ભોગવી રહેલા ડૉ. ખત્રીની ખબર અંતર પૂછવા જાય છે ત્યારે '' મોતને વેઈટીંગ રૂમમાં બેસારીને જયંતભાઈએ અમારી સાથે જિંદગીની વાતો કરી '' તેવું હરીન્દ્ર દવેનું સૂચક વિધાન આ સર્જકના નિરાળા વ્યક્તિત્વનો ધારદાર પરિચય આપે છે. માનવીને જ્યારે મૃત્યુ નિશ્ચિત જણાતું હોય તેમજ અનેક પ્રકારે આર્થિક સમસ્યાઓ પણ સામે મોં ફાડીને ઊભી હોય ત્યારે આવી સ્વસ્થતા ધારણ કરવાનું સામર્થ્ય ગણ્યાં ગાંઠ્યા વિરલાઓમાંજ હોય છે. જીવનમાં ઉત્તમ સેવા તેમજ નિરંતર સંવેદનશીલતાને ધારદાર રાખી જે યશની પ્રાપ્તિ કરે છે તેની સ્મૃતિ જગતને દીર્ઘકાળ સુધી રહેતી હોય છે. લોકકવિએ એક દુહામાં લખ્યું છે :

જીવતાં જગ જશ નહિ,
જશ વિણ કો જીવંત:
જે જગ જશ લઈ આથમ્યા,
ઈ તો રવિ પહેલા ઉગંત.

પ્રસિધ્ધિને વરેલા ડૉ. જયંત ખત્રી તબીબ ઉપરાંત સાહિત્યકાર, કવિ, ચિત્રકાર તથા સંગીતના મર્મજ્ઞ હતા. માનવતાના ઉત્તમ ગુણો તેમના વ્યક્તિત્વમાંથી સહજ રીતેજ ટપકતા હતા. તળના માણસોની પ્રત્યે તથા તેમની વ્યથાઓ પ્રત્યે જયંતભાઈને એક વિશિષ્ટ મમત્વભાવ હતો. આમ સર્જકોમાં પણ તેઓ ઊંડી નિસ્બત તેમજ સમાજ તરફની પ્રતિબધ્ધતા ધરાવતા એક નોખા મીજાજના સર્જક તરીકેની નામના મેળવીને ગયા છે. કચ્છ અને ગુજરાત તેમને જે રીતે આદર સહ યાદ કરે છે તે ડૉ. ખત્રીના વ્યક્તિત્વની વિશેષતાઓને આભારી છે. પ્રજાની સ્મૃતિમાં વસતા આ વાર્તાકાર વિસ્મૃત થાય તેવા નથી.

રવિવારે 'વિચાર-વિમર્શ અને વિવેચન' કાર્યક્રમ

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

સાહિત્ય વૃત્ત

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમોમાં, કાર્યક્રમ 'વાર્તાવાચિકમ્, કાવ્યપઠન તથા તે અન્વયે 'વિચાર-વિમર્શ અને વિવેચન' અંતર્ગતનો એક કાર્યક્રમ; તા.૨૦-૧૦-૨૦૧૯ ને રવિવારે, બપોરના ૧-૦૦ થી ૪-૦૦દરમિયાન,ડૉ.આંબેડકર ભવનના સમિતિખંડમાં , સેક્ટર-૧૨, 'ગ-રોડ', ગાંધીનગર ખાતે યોજાશે; જેમાં સાહિત્યકાર/ કવિશ્રી શંકર પેન્ટર(ચાદખેડા) તેઓનાં સ્વરચિત પાંચ કાવ્યોનું સ્વમુખે પઠન કરશે; જયારે લેખિકા સુ.શ્રી મંજુલા મકવાણા (અમદાવાદ), તેઓ પોતાની બે વાર્તાઓ (૧) માણસાઈ અને (૨) દીકરાની માયાનું વાચન કરશે અને ત્યારબાદ, આ રજૂ થયેલ કૃતિઓ અન્વયે પીઢ કવિઓ/લેખકો વિચાર વિમર્શ કરી,સમીક્ષા-વિવેચન કરશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમને માણવા ,અચૂક પધારવા સભ્યશ્રીઓ, સાહિત્યરસિકો/ભાવકો અને મહાનુભાવોને, પ્રતિષ્ઠાનના પ્રમુખ: ડૉ.મોહન પરમાર; મહા મંત્રી: પ્રો.યશવંત વાઘેલા તથા મંત્રી મૂળજી દધિ દ્વારા જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

● વિસરાતી જતી ગરવી ગુજરાતી માતૃભાષાને સદાય ધબકતી અને મઘમઘતી રાખવા ગાંધીનગર સાહિત્ય સભાદ્વારા યોજવામાં આવતા સાહિત્યિક કાર્યક્રમોમાં'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ અંતર્ગત ગુજરાતી સાહિત્યના જાણીતા લઘુકથાકાર અને લોકસાહિત્યવિદ ડૉ. પ્રેમજી ભાઈ પટેલનો કાર્યક્રમ, યુથ હૉસ્ટેલ ખાતે યોજાઈ ગયો જેમાં સૌ પ્રથમ ડૉ. પ્રેમજીભાઈનું પ્રમુખ નટવર હેડાઉ દ્વારા પુસ્તક પુષ્પથી અને સાહિત્ય કાર અમૃત ઠાકોરનું મૂળજી દધિ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ શિક્ષક અને સાહિત્યકાર અમૃત ઠાકોરના પુસ્તક 'મારે તો ભણવું'તું'નું મહેમાનો દ્વારા વિમોચન અને લોકાર્પણ વિધિ કરવામાં આવી જયારે ડૉ. પ્રેમજી પટેલે તેમની સર્જનયાત્રાના બહુવિધ પ્રસંગોની તથા તેઓની કૅફિયતની શ્રોતાઓને રસલ્હાણ કરી, સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા. આભાર વિધિ સંજય થોરાત દ્વારા કરવામાં આવી હતી.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

તું અભણ રહી જાય તો તું અને હું જીવતો હોઉં તો હું પસ્તાઉ

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ચૌદ વર્ષની ઉંમરે જેણે પોતાની સગી માં ગુમાવી હતી અને બીજી 'લાગણીવાળી માતા' રૂપે મળી કસ્તૂરબાઈ, પણ એ માં-દીકરીનો સહવાસ પણ લાંબો ન ચાલ્યો, માત્ર તેર જ મહિનામાં મનુબેને કસ્તૂરબાનો સાથ પણ ગુમાવ્યો. મનુબેન એ અલ્પજીવી સમયગાળાની નોંધ કરતા લખે છે 'તેર મહિના દરમિયાન સૂવું, બેસવું, ખાવું, પીવું, બધું જ આ માતાની દેખરેખ હેઠળ થયું. ઈશ્વરની આટલી બધી દયાને મારું હૃદય નમતું હતું. સખ્ત ઠંડી હોય કે દમ ચડે તો કસ્તૂરબા એની પથ